મુદા આધારે વરતા લખો.

પ્રશ્ન 1.

મુદ્દા :બે સ્ત્રીઓ-બંને વચ્ચે એક બાળક માટે ઝઘડો -એક કહે, “બાળક મારું છે.” -બીજી કહે, “બાળક મારું છે.” -બંનેનું ન્યાયાધીશ પાસે જવું-ન્યાયાધીશે બાળકના બે ટુકડા કરી વહેચી લેવા કહેવું -બીજી સ્ત્રી બાળકના બે ટુકડા કરવા સંમત -પહેલી સ્ત્રીની અસંમતિ- તે બાળક બીજી સ્ત્રીને સોંપી દેવા તૈયાર - ન્યાયાધીશે પહેલી સ્ત્રીને બાળક સોપવું-બોધ.

પ્રશ્ન 2.

મુદ્દા એક રાજા – એશઆરામવાળી જિંદગી – ઊંઘ ન ? આવવી – ચિંતા થવી – અનેક પ્રકારની દવા કરાવવી – અનેક વૈદોને બોલાવવા-નિષ્ફળતા – એક વૈદની યુક્તિ-જાદુઈ ગેડીદડો અને દવાની ભૂકી રાજાને આપવાં -ગેડીદડાની રમતથી રોગ દૂર થવો – વૈદને ઈનામ – બોધ.

પ્રશ્ન 3.

મુદ્દા એક શિલ્પી – મૃત્યુની આગાહી – પોતાના જ જેવાં છ પૂતળાં બનાવવાં – યમદૂતનું આગમન – મૂંઝવણ – યુક્તિ, “હા, 5 ભૂલ મળી ગઈ” એમ બોલવું -શિલ્પીનો પ્રશ્ન, “કઈ ભૂલ?” – “બસ, આ જ ભૂલ’ – શિલ્પી પકડાઈ જવો -બોધ.

પ્રશ્ન 4.

મુદ્દા એક સિંહ – વૃક્ષ નીચે આરામ – સિંહના શરીર પર ઉંદરનું દોડવું – ઉંદરનું પકડાઈ જવું – ઉંદરની સિંહને વિનંતી અને મદદ કરવાનું વચન -સિહે ઉંદરને છોડી મૂકવો – એક વાર સિંહનું જાળમાં ફસાવું – ઉંદરે જાળ કાપી નાખી સિંહને મુક્ત કરવો – બોધ.

પ્રશ્ન 5.

મુદ્દા એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખાંડ ખરીદવી – દુકાનદારનું ઓછું તોલવું – ગ્રાહકની ફરિયાદ -દુકાનદારનો જવાબ, “વધારે ઊંચકવું નહિ પડે.” – ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – દુકાનદારે પૂરા પૈસા માગવા – ગ્રાહકનો જવાબ પૈસા વધારે ગણવા નહિ પડે.”-બોધ

પ્રશ્ન 6

રામપુર ગામ- મનુ અને કનુ બે મિત્રો-મનું શરીરે મજબૂત,કનુ સુકલકડી- જંગલમાં ફરવા જવું-ખૂબ ફર્યા -પાછા ફરતા રસ્તામાં રીંછનો ભેટો-પાછળ પડવું- કનુનું ઝાડ પર ચડી જવું-ડર – મનુની મૂંઝવણ – નીચે જમીન પર સૂઈ જવું – શ્વાસ રોક્યો – રીંછનું પાસે આવી સુંઘી ચાલ્યા જવું- રીંછ ગયા પછી કનુનું ઝાડ પરથી ઊતરવું-બોધ.

પ્રશ્ન 7

એક કંજૂસ- વાડામાં રૂપિયા દાટવા – દરરોજ રાત્રે રૂપિયા

ગણવા-ચોરનું જોઈ જવું – રૂપિયા કાઢી લેવા અને કાંકરાં મૂકવા -કંજૂસને જાણ – માથું કૂટવું- પાડોશીનું મહેણું મારવું “હવે કાંકરાં ગણજે” – બોધ.

પ્રશ્ન 8

ચાર ચોર -ચોરી કરવા જવું - પુષ્કળ માલ મળવો- જંગલમાં નાસી જવું - બે ચોરનું મીઠાઈ ખરીદવા નગરમાં જવું - મીઠાઈમાં ઝેર ભેળવવું-બીજા બે ચોરની યુક્તિ-મીઠાઈની ખરીદી કરીને આવેલા બે ચોરને કૂવામાં ધકેલી દેવા - મીઠાઈ ખાવી -પરિણામ - બોધ

પ્રશ્ન 9

એક ખેડૂત -ચાર દીકરા-ચારેય દીકરા આળસુ-ખેડૂતને ચિંતા-ખેડૂતની માંદગી - ચારેય દીકરાઓને બોલાવવા - "ખેતરમાં રૂપિયા ભરેલો ચરુ છે" એમ કહેવું -ખેડૂતનું અવસાન-દીકરાઓએ આખું ખેતર ખોદી નાખવું - રૂપિયા ન મળવા -બી વાવવાં - સારો પાક થવો - શિખામણ.

પ્રશ્ન 10.

એક કાગડો - પુરી નો ટુકડો લઇ ઝાડ પર બેસવુ - નિચે થી શિયાળ નુ પસાર થવુ - શિયાળ દ્વારા કાગડા ના સુરીલા કઁઠ ના ખોટા વખાણ કરવા - કાગડા ના મોઢામાથી પુરી પડિ જવિ - શિયાળ નુ પુરી ખાઇ જવુ